## મોરપીંછના રંગ ● ૪ પાનાનું ચાલુ...

આ લેખો ૨૧મી સદીની દેન છે. એમાં જે દેખાય છે તે જ લખાય છે જે વંચાય છે એ જ સમજાય છે. એવી એની તાસીર અને પોત છે. આ લેખો સમજવા માટે કોઈ શાસ્ત્રીય અભ્યાસની કે માપદંડોની જરુર નથી. પણ જીવનની સમજણ અનિવાર્ય છે. હ્રદયની ભાષા સમજતા હોઈશું તો જ આ લેખો મજા આપશે.

આ સર્જક બાળકો સંદર્ભે પણ વિચારે છે. એમના વેકેશન - શિબિરો, ગોષ્ઠિઓની વાત મૂકી આપે છે. તો વળી 'રોંગ નંબર'માં અડધો કલાક ખપાવી દેનાર બે સ્ત્રીઓની સ્વભાવગત માનસિકતાને સંવાદાત્મક રીતે પ્રયોજીને હળવું હાસ્ય પીરસ્યું છે. તો વળી ટ્રેનમાં મળેલ પૈસાથી ભરેલ બેગને પરત કરવાની પ્રામાણિકતા, યુનિક યુવતીઓની ફૅશન, મુંબઈ રેડિયોની 'ગૂડ મોર્નિંગ મુંબઈઈઈ...' ની રોજ સવારે પ્રસરતી મીઠાશ, રોજ સવારે ૧૨ સૂર્ય નમસ્કારની વાત, લગ્નની મોસમમાં કાળી છોકરીના કામણની વાત, અને ટેટૂ સાથે ઉજવાતી નવરાત્રી અને જોડાતી ફિલ્મ ઈન્ડસ્ટ્રીના કલાકારોની ટેટૂ પ્રત્યેની ઘેલછા આજના યુવાનોને કંઈક દિશા સૂચન કરી જાય છે. જયારે અહીં ગાંધીનગરના જન્મદિવસ સંદર્ભે ગાંધીનગર શહેરના આરંભિક વિગતો. વ્યવસ્થા અને સવલતોની વાત ઉપયોગી બને છે. આ સર્જક એક લેખ જીવનલક્ષી - પ્રેરણાલક્ષી સુવાક્યો લખીને પણ જીવન પ્રત્યેની શ્રદ્ધા અંધશ્રદ્ધાની વાત લાવે છે. તો વળી કંઈ કંઈ ફિલ્મોમાં - 'કેમ્પસ' માં લવસ્ટોરી પાંગરી છે એનું હળવી શૈલીમાં સંશોધનાત્મક દ્દષ્ટિ રાખીને લેખન કરે છે અને ૧૯૭૫માં રિલિઝ થયેલી ફિલ્મ 'શોલે' નાં ગબ્બરસિંહની જીવન ઝરમર, વિચારો, નીતિ, પદ્ધતિ અને એની સાદગીની વાતો હળવી શૈલીમાં જુદી રીતે વાચકોને જકડી રાખે છે.

આપણી આસપાસ સમાજમાં બનતી અને અખબારોમાં સમાચાર રુપે છપાતી ઘટનાઓને અહીં લેખનું સ્વરુપ આપવામાં આવ્યું છે. જેમ કે દોઢ લાખનું સોનું ૩૦ હજારમાંની છેતરપીંડીની વાત તો વળી (Job Phishing) ની વાત દ્વારા યુવાનોને ચેતવણી અપાઈ છે, તો વળી અહીં લેખક નિર્ભયા પર થયેલા બળાત્કારની વાત પણ વાંચકોને આંચકો આપે છે. થોડા સ્થૂળ વિષયો અહીં આવી ગયા છે. પણ એની રજુઆત સરળ રીતે થઈ હોવાથી વાંચકોને એ કંટાળો ઉપજાવતા નથી.

આમ જોઈએ તો સંજય થોરાતના આ લેખો જીવનલક્ષી છે, સમાજલક્ષી છે, વ્યવહારલક્ષી છે. અહીં ભલે કાવ્યાત્મક કે રમણીય ભાષા નથી, પણ વ્યવહારું અને સરળ ભાષાની અભિવ્યક્તિ છે. અહીં જોઈ શકાય છે કે સર્જકને કોઈ મોટી સાહિત્યિક સિદ્ધિ નથી મેળવવી પણ વ્યવહારિક સિદ્ધિના હકદાર તેઓ જરુર બને છે. અહીં બધા વ્યવહારમાં જીવન ઉપયોગી બાબતોનું સીધેસીધું પ્રાગટ્ય છે. પ્રત્યેક લેખોમાં વિચારોનો વિખરાવ છે પણ એક બંધ બને છે. વિચારોનો વ્યાપ છે એક કેન્દ્રબિંદુમાંથી આરંભાઈને અનેક વિચારકેન્દ્રોમાં બધા લેખ વિસ્તરે છે. અહીં ભલે સાહિત્યિક મૂલ્ય ઓછું હોય પણ સામાજિક અને પારિવારિક મૂલ્ય વિશેષ છે. અહીં લેખો કયારેક વાર્તાશેલીથી પ્રયોજાય છે તો કયારેક સંવાદાત્મક શૈલીથી તો કયારેક વર્ણનાત્મક શૈલીથી લખાયા છે. તો વળી ઘણા પાત્રો વિશે લખતા જીવનચરિત્રની રીત પણ અહીં પ્રયોજાયેલી જોવા મળે છે.

આમ 'હેલ્લો ફ્રેન્ડ્સ' એ આજની યુવાપેઢીને ધ્યાનમાં રાખીને લખાયેલા લેખો છે. એમાં સાંપ્રત સમયનો પડઘો છે. એમાં વિષય નાવિન્ય, વિચાર વૈવિધ્ય અને સરળભાષા છે. વિવેચનના ઉચ્ચ માપદંડોથી મૂલવવાનો અહીં કોઈ ઉપક્રમ નથી રખાયો પણ વૈચારિક રીતે એની સામાજિક ઉપયોગિતા અને જરૂરિયાત આ પુસ્તકને વિશેષ બનાવે છે એ ચોક્કસ છે.

('ગાંધીનગર સમાચાર'ના કૉલમ લેખક સંજય થોરાતના આગામી સમયમાં પ્રસિદ્ધ થનાર પુસ્તક 'હેલ્લો ફ્રેન્ડ્સ'ની પ્રસ્તાવના)

તણખો : પતંગ અને જિંદગીમાં એક જ સમાનતા હોય છે. જ્યાં સુધી એ ઊંચાઈ પર હોય છે ત્યાં સુધી એની વાહ વાહ થાય છે.

## રઝળપાટ ● ૪ પાનાનું ચાલુ...

એટલે બીજા કોઈ હેકર્સ એને હેક કરી શકે નહિ અને સિમ્પલ વાત છે ને કે લોહા લોહે કો કાટતા હે એવી રીતે ચોરી કેવી રીતે થઈ શકે એમ છે એની માહિતી તો એક ચોર જ આપી શકે ને...! કંપનીઓ અને સંસ્થાઓ આવા એથીકલ હેકર્સને નોકરીએ કે કામ પર રાખતા હોય છે, એમને બાકાયદા આવા છીંડા શોધવાના અને એને પુરવાના પૈસા ચુકવતા હોય છે. આજે એથીકલ હેકિંગ એક ફૂલ ફ્લેઝડ કેરિયર બની ગઈ છે....! ફેમસ શોશિયલ સાઈટ ફેસબુકના લોગીનમાં બગ શોધનાર ભારતીય આનદને હમણાં જ ફેસબુકે ૧૦ લાખનું ઈનામ આપેલું. ઈનફેક્ટ આનદ આવી જ રીતે જુદી જુદી સાઈટ્સમાં બગ શોધી શોધીને અત્યાર સુધીમાં એક કરોડ જેટલું ઈનામ કમાઈ ચુક્યો છે...! આવા જ બીજા ચેટીંગ એપ વોટ્સઅપે હેકર્સોથી પોતાના યુઝર્સના ડેટાને બચાવવા પોતાના એપને એન્ક્રિપ્ટેડ એટલે કે સંપૂર્ણ સુરક્ષિત બનાવ્યું છે. જો કે હેકર્સોને આવા સુરક્ષિત ચક્રવ્યુહો તોડવામાં વધુ આનંદ આવતો હોય છે એટલે હેકર્સના પંજાથી તો આ બધા કેટલો સમય સુરક્ષિત રહી શકશે એ તો સમય જ કહેશે...! પણ એટલું ખરું કે ચેન સે સોના હૈ તો અજાણ્યા ઈમેલ, વોટ્સઅપ મેસેજીસ, ફેસબુક લીંક, લોગીન પેજીસ જેવા હેકર્સના હથીયારો પર ક્લિક કરતા પહેલા સોચ લેના ઠાકુર...!

વિસામો : દુનિયાની સૌથી મોટી ઓનલાઈન ચોરી : માર્ચમાં બાંગ્લાદેશની સેન્ટ્રલ બેન્કની સીસ્ટમ હેક કરીને હેકર્સોએ લગભગ ૭૦૦ કરોડ રૂપિયા શ્રીલંકા અને ફિલીપાઈન્સની બેન્કોમાં ટ્રાન્સફર કરી દીધા ને એમાંથી ૫૦૦ કરોડ જેવા તો ઉપડી પણ ગયા.

- akurjt@gmail.com

# દેશમાં ભાજપ શાસનમાં મોંઘવારી બેફામ વધી છે

કોંગ્રેસ પક્ષના રાષ્ટ્રીય પ્રવક્તા શિક્તિસિંહ ગોહિલે ગુજરાતના સ્થાપના દિન અને આંતરરાષ્ટ્રીય સમયે પૂ. રવિશંકર મહારાજ અને ઈન્દુચાચા એ આપેલી શીખ અને સલાહ આપી હતી. તેનાથી તદ્દન વિપરીત ભાજપ સરકાર કરોડો રૂપિયા સરકારી તિજોરીમાંથી વેડફી રહી છે. સત્ય જાણવાનો પ્રયત્ન કરવો જોઈએ. જુઠાણાની દુકાન ચાલતી રહેશે. ભાજપ બહુ જુઠ્ઠી પાર્ટી છે. સત્તા પહેલાનાં આપેલા વચનો જેમકે કાળુ ધન પાછું લવાશે. ૧૫-૧૫ લાખ દરેકના ખાતામાં જમા થશે. મોંઘવારી કાબુમાં લેવાશે. ઉલ્ટુ કાળુ ધન પાછું લાવવાને બદલે દેશનું સફેદ ધન ૯૦૦ કરોડ વિજય માલ્યા ભાગી ગયા.

## ક્રેડિટ પ્લાન ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

ફાળવણી કરવામાં આવી છે. આ ઉપરાંત ગાંધીનગર નોલેજ હબ તરીકે વિકસી રહ્યુ હોવાથી શૈક્ષણિક લોન માટે પણ ૩ ટકા જેટલી ફાળવણી ધિરાણ પ્લાનની કરવામાં આવી છે. સોલાર સીટીનું સ્વપ્ન સાકાર થાય તેમજ સોલાર ઊર્જાના ઉત્પાદન માટે પ્રોત્સાહન મળી રહે તે માટે પણ ખાસ ફાળવણી ધિરાણ નીતિમાં કરવામાં આવી છે. પહેલીવાર એક્સપોર્ટ ક્રેડીટ આપવાની બાબત તેમજ સોશ્યલ ઈન્ફ્રાસ્ટ્રક્ચર માટે પણ ધિરાણ આપવાની વાત સમાવી જિલ્લાના વિકાસને વધુ સંતુલિત બનાવવાનો અભિગમ બેંકિંગ સેક્ટરે અપનાવવાનો નિર્ણય કરેલ છે. આમ આ ત્રણેય સેક્ટરોને અગ્રતા ધરાવતા સેક્ટરો તરીકે સમાવાવમાં આવ્યા છે.

જિલ્લામાં હાલ ૩૬ બેંકોની ૨૯૨ શાખાઓ આવેલી છે. આ બધી જ બેંકો આ ધિરાણ નીતિ અંતર્ગત ધિરાણ કરશે. જિલ્લાના ગ્રામીણ વિસ્તારની આર્થિક સ્થિતિમાં સુધાર લાવવા તેમજ ગ્રામીણ અર્થવ્યવસ્થાને વધુ સુદઢ બનાવવા પર વિશેષ ભાર મુકવામાં આવ્યો હોવાનું બેંકિંગ ક્ષેત્રના અધિકારીઓને સંબોધતાં જિલ્લા કલેક્ટરે કહ્યું હતું.

અગ્રતા ધરાવતા ક્ષેત્રોમાં ગત વર્ષ કરતાં ૩૩૯.૭૩ કરોડની વધુ ફાળવણી કરવામાં આવી છે એટલુ જ નહિ સ્વરોજગારીની યોજનાઓના ધિરાણ પર પણ વિશેષ ભાર મુકવામાં આવ્યો છે. જેનાથી ધિરાણના લાભાર્થીઓની સંખ્યામાં વધારો થશે. આ ધિરાણ પ્લાનમાં કૃષિક્ષેત્રને વધુ સુદઢ કરવા માટે તેમજ પાક ધિરાણ આપી ખેડૂતોને ખેતી માટે વધુ પ્રોત્સાહિત કરવાના અભિગમને અપનાવી ગ્રામીણ અર્થતંત્રને વધુ સુદઢ બનાવવામાં આવશે.

**ગુજરાત ઈન્ફ્રાસ્ટ્રક્ચર ડેવલપમેન્ટ બોર્ડ**

**બ્લોક નં.૧૮, ૮મો અને ૯મો માળ, ઉદ્યોગ ભવન, ગાંધીનગર**

**જાહેરાત**

અત્રેના બોર્ડનું ટોયોટા ક્વૉલીસ વાહન નં. જીજે-૧૮ - એ - ૭૬૮૫ મોડલ મે-૨૦૦૧ જે હાલતમાં છે તે હાલતમાંવેચવાનું છે. વાહનની તળિયાની કિંમત રૂ. ૭૫,૦૦૦.૦૦ (રૂપિયા પંચોતર હજાર પુરા) નિયત કરવામાં આવેલ છે. રસ ધરાવતી વ્યક્તિઓ તેઓના ભાવ સીલબંધ કવરમાં ઉપરોક્ત સરનામે જાહેરાત પ્રસિદ્ધ થયાના દિન-૭ની અંદર મોકલી આપવાના રહેશે. આ વાહન રૂબરૂ જોવા માટે ઉપરોક્ત કચેરી ખાતે (જાહેર રજાના દિવસો સિવાય) સીનીયર મેનેજર (એડમીન)નો સંપર્ક કરવો. કોઈપણ ભાવ સ્વીકારવાની કે તમામ ભાવો રદ કરવાની સત્તા મુખ્ય કારોબારી અધિકારીશ્રીની રહેશે.

**મુખ્ય કારોબારી અધિકારી**

## ફોટો ટૉક....

■ હિરેન ભટ્ટ



ચપ્પુ-છરીની ધાર કાઢવાનો આ સાંચો જોઈએ એટલે આપણને અમિતાભની ફિલ્મ 'ઝંઝીર'નું આશા ભોંસલેએ ગાયેલું અને જયા ભાદુરી પર ફિલ્માવાયેલું ગુલશન બાવરાએ લખેલું ગીત - ''ચક્કુ છુરીયાં તેઝ કરા લો...'' આપણા મનમાં વાગવા માંડે. મૂળ સરાણીયા જાતિના લોકોનો આ વ્યવસાય. ચિત્તોડગઢ, રાજસ્થાનના રૂપસિંગ સરાણીયા નામના આ વૃદ્ધ ખભે સાંચો ઉપાડીને ગાંધીનગરમાં ઘેર-ઘેર જઈને ધાર કાઢી આપવાની ધા નાંખે છે, અને એમ પોતાના આયખાંને ધારદાર રાખવા મથે છે... પેલા ગીતમાં શબ્દો છે, ''ચક્કુ ચાહે ભી હો કૈસા પથ્થર પે ગીસું મૈં ઐસા, મૈં તો રખું ઐસી ધાર, ચક્કુ બન જાયે તલવાર...' હવે તો રૂપસિંગના ખભા પણ આ સાંચાનો ભાર ખમી શકે એવા રહ્યા નથી... લોકોની જીભ અને જમાનો જ એટલા ધારદાર થઈ ગયા છે કે, છરી-ચપ્પુની ધાર કઢાવવાની કોઈને જરૂર જ નથી પડતી..!!!

